લાંબા સમયથી આ સમસ્યા નજરે પડી રહી છે, પરંતુ કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી

# દુધીયા તળાવ પર ચામાચીડિયાનો ડેરો



**ચામાચીડિયાનું** અગાર દુધીયા તળાવના પાણીમાં પડતા જાહેર આરોગ્ય માટે ખતરાની ઘંટડી

**રોગચાળાની** ભીતિ વચ્ચે પાલિકાની તાત્કાલિક કાર્યવાહી જરૂરી

### પાણીના નમૂનાઓની લેબોરેટરી તપાસ કરાવવામાં આવે

આ સમગ્ર મુદ્દે નાગરિકો દ્વારા નવસારી મહાનગરપાલિકાનું ધ્યાન દોરવામાં આવ્યું છે. લોકોની સ્પષ્ટ માંગ છે કે દુધીયા તળાવના પાણીના નમૂનાઓની તાત્કાલિક લેબોરેટરી તપાસ કરાવવામાં આવે, આરોગ્ય નિષ્ણાતો તથા પર્યાવરણવિદોની સલાહ લેવામાં આવે અને ચામાચીડિયાઓના વસવાટ અંગે વૈજ્ઞાનિક અને માનવતાવાદી ઉકેલ અમલમાં મૂકવામાં આવે. જો સમયસર પગલાં નહીં લેવામાં આવે તો નવસારી શહેર માટે આ મુદ્દો ગંભીર આરોગ્ય સંકટમાં ફેરવાઈ શકે છે, તેવી ચેતવણી સ્થાનિકો આપી રહ્યા છે.

નવસારી : નવસારી શહેરના દુધીયા તળાવ વિસ્તારમાં હાલ ચિંતાજનક સ્થિતિ સર્જાઈ હોવાનું જોવા મળી રહ્યું છે. તળાવના કાંઠે આવેલા મોટા ઝાડો પર મોટી સંખ્યામાં ચામાચીડિયાઓનો જમાવડો થયો છે. સ્થાનિક નાગરિકોનો ગંભીર આક્ષેપ છે કે આ ચામાચીડિયાનું અગાર (પોટી) સીધું દુધીયા તળાવના પાણીમાં પડી રહ્યું છે, જેનાથી જાહેર આરોગ્ય માટે ખતરાની ઘંટડી વાગી છે.

દુધીયા તળાવનું પાણી શુદ્ધિકરણ પ્રક્રિયા બાદ નવસારી શહેરના અનેક વિસ્તારોમાં સપ્લાય કરવામાં આવે છે અને એ જ પાણીનો ઉપયોગ ઘરગથ્થુ કામો ઉપરાંત પીવાના પાણી તરીકે પણ થાય છે. આવી સ્થિતિમાં જો ચામાચીડિયાનું અગાર તળાવમાં ભળે છે તો ભવિષ્યમાં રોગચાળો ફાટી નીકળવાની શક્યતા રહે છે, તેવી ભીતિ નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે. ખાસ કરીને ચામાચીડિયા સાથે સંકળાયેલા વાયરસ, બેક્ટેરિયા અને સંક્રમણજન્ય રોગોને લઈને લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક રહેવાસીઓ અને તળાવ પાસે આવતા નાગરિકોનું કહેવું છે કે લાંબા સમયથી આ સમસ્યા નજરે પડી રહી છે, પરંતુ હજી સુધી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. પાણીની નિયમિત ગુણવત્તા તપાસ થાય છે કે નહીં, તેમજ આવી પરિસ્થિતિમાં વધારાની સુરક્ષા વ્યવસ્થા અપનાવવામાં આવે છે કે નહીં તેવા સવાલો પણ ખુલ્લેઆમ ઉઠી રહ્યા છે.




અગાઉ અનેક વખત રખડતા ઢોરોની ફરિયાદો છતાં ઉકેલ નહીં

# જલાલપોરમાં ઢોરોનો આતંક બેકાબૂ, આખલો ઘરમાં ઘૂસ્યો

**અણધાર્યા** બનાવથી ઘરમાલિક સહિત પરિવારજનોમાં ગભરાટ ફેલાઈ ગયો

**થોડીવાર** માટે આખું ઘર અફરાતફરીનું કેન્દ્ર બની ગયું

**ગૌરીશંકર** મહોલ્લાની ઘટનાએ હચમચાવ્યું શહેર

### મનપા દેખાવ પૂરતી કાર્યવાહી નહીં કાયમી વ્યવસ્થા કરે

આ ઘટનાને પગલે સ્થાનિકોએ નવસારી મહાનગરપાલિકા સામે કડક સવાલો ઉઠાવ્યા છે. નાગરિકોની માંગ છે કે માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી નહીં પરંતુ રખડતા ઢોરો સામે કડક અને કાયમી વ્યવસ્થા કરવામાં આવે. ઢોરોને ગૌશાળામાં ખસેડવા, બેદરકાર માલિકો સામે દંડાત્મક કાર્યવાહી કરવા અને શહેરને ઢોરમુક્ત બનાવવા માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવામાં આવે, નહિતર આવી ઘટનાઓ ભવિષ્યમાં વધુ ગંભીર સ્વરૂપ લેશે તેવી ચેતવણી સ્થાનિકો આપી રહ્યા છે.

નવસારી : નવસારી શહેરના જલાલપોર વિસ્તારમાં રખડતા ઢોરોનો ત્રાસ દિવસેને દિવસે ગંભીર સ્વરૂપ ધારણ કરતો જઈ રહ્યો છે. ગૌરીશંકર મહોલ્લાની પતરા ચાલમાં બનેલી તાજી ઘટનાએ નાગરિક સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. મળતી માહિતી મુજબ ગાયની પાછળ દોડતો એક આખલો અચાનક સુનિતાબેનના ઘરમાં ઘૂસી ગયો હતો. અણધાર્યા આ બનાવથી ઘરમાલિક સહિત પરિવારજનોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને થોડીવાર માટે આખું ઘર અફરાતફરીનું કેન્દ્ર બની ગયું હતું.

ઘરમાં ગાય અને આખલો ઘૂસી જતા ઘરની અંદર દોડધામ મચી ગઈ હતી. ઘરનો સામાન ગમે ત્યાં ફેંકાઈ ગયો, વાસણો, ઘરવખરી અને જરૂરી સામગ્રી વેરવિખેર થઈ ગઈ હોવાનું સ્થાનિકો જણાવે છે. પરિવારજનો પોતાનો જીવ બચાવવા માટે ઘરના ખૂણેખાંચે દોડતા રહ્યા હતા. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ જો આખલો વધુ આક્રમક બન્યો હોત તો ગંભીર દુર્ઘટના સર્જાઈ શકી હોત તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે જલાલપોર સહિત સમગ્ર નવસારી શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ હવે સામાન્ય બની ગયો છે. રસ્તાઓ પર ખુલ્લેઆમ ફરતા ગાય, આખલા અને વાછરડાંના કારણે ટ્રાફિક સમસ્યા, અકસ્માતો અને હવે તો ઘરોમાં ઘૂસી જવાની ઘટનાઓ પણ સામે આવી રહી છે. ખાસ કરીને પતરા ચાલ અને ઘનવસતિ ધરાવતા વિસ્તારોમાં આ સમસ્યા વધુ ગંભીર બની છે, જ્યાં બાળકો, વૃદ્ધો અને મહિલાઓ હંમેશા જોખમ હેઠળ છે.

ગૌરીશંકર મહોલ્લાના રહીશો કહે છે કે અગાઉ પણ અનેક વખત રખડતા ઢોરોની ફરિયાદો કરવામાં આવી છે, પરંતુ કાયમી ઉકેલ આવતો નથી. ક્યારેક ઢોર પકડવાની કાર્યવાહી થાય છે, પરંતુ થોડા દિવસોમાં ફરી એ જ સ્થિતિ સર્જાઈ જાય છે. જેના કારણે નાગરિકોમાં રોષ અને અસંતોષ વધતો જઈ રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેરગામ તાલુકાના રામજી મંદિરમાં આયુષ મેળો યોજાયો



ખેરગામ : ખેરગામના રામજી મંદિરમાં જિલ્લા પંચાયત સ્વભંડોળની ગ્રાન્ટથી આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય કાજલબેન મઢીકર દ્વારા આયુષ મેળા અને આયુષ શાખાની કામગીરી વિશે માહિતી આપી હતી. આરોગ્ય સમિતિ ચેરમેન સુમિત્રાબેન ગરાસીયા દ્વારા આયુર્વેદ શાખાની કામગીરીને બિરદાવી હતી. વૈદ્ય વંદનાબેન પટેલ આયુર્વેદ મેડીકલ ઓફિસર પાટી દ્વારા કેમ્પને ખુલ્લો મૂક્યો હતો. આયુષ મેળામા કારોબારી અધ્યક્ષ સુનિલભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય વિભાબેન પટેલ, રામજી મંદિરના ટ્રસ્ટી અરવિંદભાઈ ચૌહાણ, તાલુકા હેલ્થ ઓફિસર ડો. પ્રજ્ઞેશભાઈ દેસાઈ, ગ્રામ પંચાયતના સભ્ય, સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વેશભાઈ ખાંડાવાલા સામાજિક ન્યાય સમિતિ અધ્યક્ષ ખેરગામ તાલુકા દ્વારા આયુર્વેદ અને હોમીયોપેથી પદ્ધતિથી ખૂબ સારા પરિણામ મળે છે જેનો લાભ લેવા અપીલ કરી હતી. આયુષ મેળામાં આયુર્વેદ અને હોમિયોપેથિક પદ્ધતિ દ્વારા તમામ રોગોનું નિદાન-સારવાર કેમ્પ તથા આયુર્વેદ હોમિયોપેથિક દવા વિતરણ કરવામાં આવી હતી. આ આયુષ મેળાનો 381 જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. સરપંચ ઝરણાબેન પટેલે વૈદ્ય કાજલબેન મઢીકરનો આભાર વ્યક્ત કર્યો હતો.

### રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે વાપીમાં મેગા જોબ ફેર યોજાશે

વાપી : વલસાડ, નવસારી, ડાંગ જિલ્લાનાં રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ખાનગી એકમોમાં જોડાવા માટે તા.૦૬- ૦૧- ૨૦૨૬ નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે પદ્મભૂષણ રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરિયમ, (રોફેલ કોલેજ પાસે) નામધા, વાપીમાં જિલ્લા રોજગાર કચેરી, વલસાડ, નવસારી, ડાંગના સંયુક્ત ઉપક્રમે કલસ્ટર મેગા જોબફેર કાર્યક્રમ યોજાશે. જેમાં ખાનગી કંપનીના નોકરીદાતા દ્વારા ઉમેદવારોની પસંદગી/ઇન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ મેગા જોબ ફેરમાં રોજગારવાંચ્છું ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત અંગેના તમામ પ્રમાણપત્રો, પાસપોર્ટ સાઈઝ ફોટો તેમજ આધારકાર્ડની ઝેરોક્ષ કોપી અને બાયોડેટા સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. જરૂરી શૈક્ષણિક લાયકાત ધોરણ- 8 પાસ/એસ.એસ.સી/એચ.એસ.સી અને આઈટીઆઈ તમામ ટ્રેડ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી ધરાવતા 18 થી 35 વર્ષની ઉંમરના રોજગારવાંચ્છુ ઉમેદવારો આ મેગા જોબ ફેરમાં ભાગ લઈ શકશે.

### નવસારીમાં નવા વર્ષની શરૂઆત સાથે શિયાળાની હળવી ઠંડક યથાવત

નવસારી : નવસારી શહેરમાં નવા વર્ષની શરૂઆત સાથે હવામાનમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નથી, પરંતુ શિયાળાની હળવી ઠંડક અને ભેજનું પ્રમાણ યથાવત રહ્યું છે. હવામાન અહેવાલ મુજબ તા. 01/01/2026ના રોજ મહત્તમ તાપમાન 29.6 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 17.9 ડિગ્રી નોંધાયું હતું. સવારના સમયે ભેજનું પ્રમાણ 90 ટકા અને સાંજે 62 ટકા રહ્યું હતું. આ દિવસે પવનની ગતિ 2.4 કિમી પ્રતિ કલાક રહી હતી અને પવનની દિશા શાંત રહી હતી. તે જ રીતે તા. 02/01/2026ના રોજ મહત્તમ તાપમાન 29.5 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 17.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. સવારમાં ભેજનું પ્રમાણ વધીને 95 ટકા સુધી પહોંચ્યું હતું, જ્યારે સાંજે તેમાં ઘટાડો થઈ 46 ટકા રહ્યું હતું. આ દિવસે પવનની ગતિ 1.8 કિમી પ્રતિ કલાક રહી અને પવનની દિશા ઉત્તર-પૂર્વ નોંધાઈ હતી. ઉંચા ભેજના કારણે વહેલી સવાર અને રાત્રિના સમયે ઠંડકનો અનુભવ વધુ થઈ રહ્યો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર નજીકના દિવસોમાં તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા ઓછી છે, જેથી નવસારીમાં શિયાળાની આ હળવી ઠંડક આગામી દિવસોમાં પણ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### બીલીમોરાના આધેડનો ટ્રેન સામે પડતું મૂકીને આપઘાત

બીલીમોરા : બીલીમોરાના આધેડે ૨૦૨૬ ના નવા વર્ષના પ્રથમ દિવસે ડુંગરી રેલવે સ્ટેશન જઈને ટ્રેન સામે પડતું મૂકીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બીલીમોરા મફતનગર સરાલાઇન વિસ્તારમાં રહેતા ૪૪ વર્ષીય રાજુભાઈ પરસુભાઈ આહિરે ડુંગરી રેલ્વે સ્ટેશનને ૨૦૨૬ ના નવા વર્ષના પ્રથમ દિવસે જઈને અપ લાઈન પરથી પસાર થતી કોઈ ટ્રેન સામે પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. રાજુભાઈ આહીરેનું મસ્તક ધડથી છૂટું પડી જતા અરેરાટી ફેલાઈ હતી. બનાવની જાણ ડુંગરી રેલવે સ્ટેશનના પ્રબંધકે બીલીમોરા રેલવે આઉટ પોસ્ટને કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી મરનારના પેન્ટના ખીસામાંથી મોબાઈલ ફોન અને આધારકાર્ડ મળી આવતા તેની ઓળખ થવા પામી હતી. મરનારે ક્યા કારણોસર આપઘાત કર્યો તે પોલીસ તપાસ બાદ જ જાણી શકાશે. બીલીમોરા રેલવે પોલીસના હેડ કોન્સ્ટેબલ કેશવભાઈ મહાદેવભાઈએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વૃક્ષો કાપવાની મંજુરી નહીં આપીને ખેડૂતોને કરાતી કનડગત

**ધક્કા** ખવડાવી કનડગત કરાતી હોવાની લેખિત રજુઆત મુખ્ય વન સંરક્ષક સહિત ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી છે

**ખેર**-સાગના ઝાડો કાપવા માટે રજૂ કરાયેલી તુમારોનો આજદિન સુધી નિકાલ કરાયો નથી

ઘેજ : ચીખલી સહિતના વેપારીઓ દ્વારા નવસારી જિલ્લાના ખેડૂત ખાતેદારોને તેઓના અનામત ઝાડોને ન કાપવા અને મુક્ત વેચાણ કરવા બાબતે વલસાડ ઉત્તર વન વિભાગના માયબ વન સંરક્ષક દ્વારા ધક્કા ખવડાવી હેરાન કરી કનડગત કરાતી હોવાની લેખિત રજુઆત મુખ્ય વન સંરક્ષક સહિત ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી છે. ૧૫/૧૦/૨૦૨૫ ના રોજ ખેર-સાગના ઝાડો કાપવા માટે રજૂ કરાયેલી તુમારોનો આજદિન સુધી નિકાલ કરાયો નથી.

વલસાડ ઉત્તર વન વિભાગના તાબામાં આવતી ચીખલી રેંજના વિસ્તારમાં તુમારો અંગે ખેડૂતોનો વહીવટી પાવર ધરાવતા વેપારીઓ દ્વારા વલસાડ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષકને કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યું છે કે ખેડૂત ખાતેદારોના પોતાની જમીનમાં આવેલા માલિકીના ખેર, સાગના અનામત ઝાડોથી ખેતીને નુકસાન અથવા ખેતીને નડતર હોવાના કારણે ખેડૂત ખાતેદારો દ્વારા નિયમોનુસાર કાપવા અને મુક્ત વેચાણ કરવા માટે જરૂરી સાધનિક કાગળો સાથે તુમાર બનાવી વન વિભાગમાં રજૂ કરતા હોય છે. જેમાં ખેડૂતો દ્વારા વેપારીઓને વહીવટી પાવર પણ આપવામાં આવતો હોય છે.

ખેડૂતોના માલિકીના ખેર-સાગના ઝાડો કાપવા માટેના તુમારો ૧૫/૧૦/૨૦૨૫ ના રોજ રજૂ કરાયા હતા. જેના ૭૫-દિવસ જેટલો લાંબો સમય વીતવા છતાં નિયત સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવેલો નથી. પાવર હોવા છતાં વેપારીઓને સાંભળતા નથી અને તુમરોના કાગળો માટે ધક્કા ખવડાવે છે. સમયસર તુમારોનો નિકાલ નહીં કરી હેરાન કરવામાં આવે છે. તેની પાછળ નાયબ વન સંરક્ષક વલસાડ (ઉત્તર) નો ઉદ્દેશ શું છે તે અમને ખબર પડતી નથી.

હાલે વન વિભાગ દ્વારા અલગ અલગ ટીમો બનાવી ગત વર્ષના તુમારો બાબતે સ્થળ ચકાસણી કરવામાં આવી રહી છે. અને ખેડૂત ખાતેદારોના મનમાં એક ડરનો માહોલ ઉભો કરવામાં આવેલો છે શું ખેડૂત ખાતેદારો ગુનેગાર છે ? તેવા સવાલો સાથે તુમારોનો તાત્કાલિક નિકાલ લાવવામાં આવે તેવી વેપારીઓ દ્વારા માંગ કરવામાં આવી છે.

### બાલદા GIDC પાસે એપાર્ટમેન્ટમાં ગાંજાનું વેચાણ કરતો ઈસમ ઝડપાયો



પારડી : પારડીના બાલદા GIDC વિસ્તારમાં નશાના કાળા કારોબાર સામે પારડી પોલીસે લાલ આંખ કરી છે. ત્યારે સાંઈ વાટિકા એપાર્ટમેન્ટમાં છાપો મારીને ફ્લેટમાં ગાંજાનું વેચાણ કરતા ઈસમને ઝડપી પાડ્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે બાલદા GIDCના સાંઈ વાટિકા એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર 107માં રેડ કરી હતી. જ્યાં પ્રકાશસિંહ કામેશ્વરસિંહ રાજપૂત મળી આવ્યો હતો. તેના ઘરની તલાસી લેતા 131.900 ગ્રામ ગાંજો જેની કિંમત રૂપિયા 6595 નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી કુલ રૂપિયા 20,995નો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે.

# ‘પાંચ કરોડ ભૂલી જા, નહીં તો ઈટના ભઠ્ઠામાં સળગાવી દઈશ’

**જમીન** સોદાની આડમાં પાંચ કરોડની છેતરપિંડીનો આક્ષેપ

**નવસારીમાં** પિતા-પુત્ર સામે જાનથી મારી નાખવાની ધમકી સહિત ગંભીર ફરિયાદ

નવસારી : નવસારી શહેરમાં જમીન સોદાની આડમાં કરોડો રૂપિયાની છેતરપિંડી અને ખુલ્લેઆમ જાનથી મારી નાખવાની ધમકીનો ગંભીર મામલો સામે આવ્યો છે. નાની ચોવીસીના કણબીવાડ વિસ્તારમાં રહેતા અનુપકુમાર વિનોદભાઈ ઉર્ફે સતીશભાઈ ભગુ પટેલે નવસારીના એસ.પી.ને લેખિત અરજી આપી હોરમઝ ફીરોઝ અવારિ તથા તેના પુત્ર પરઝાન હોરમઝ અવારિ સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

અરજદારના જણાવ્યા મુજબ હોરમઝ અવારીએ તેમના સ્વ. પિતા વિનોદભાઈ પટેલ સાથે મિત્રતા કેળવી ગણદેવા ગામની ખેતીની જમીન વેચાણના બહાને કુલ રૂપિયા પાંચ કરોડની રકમ પડાવી લીધી હતી. જમીન સોદા માટે ચીઠ્ઠી બનાવી ટુકડે-ટુકડે રૂપિયા ત્રણ કરોડ લેવામાં આવ્યા હતા, જ્યારે બાકી રૂપિયા બે કરોડ ઉછીના રૂપે લેવાયા હોવાનો પણ અરજીમાં ઉલ્લેખ છે. જોકે, આટલી મોટી રકમ ચૂકવ્યા છતાં આજદિન સુધી જમીનના દસ્તાવેજ કરવામાં આવ્યા નથી.

લેખિત અરજીમાં વધુમાં જણાવાયું છે કે હોરમઝ અવારિ મોટા સરકારી અધિકારીઓ સાથે ઓળખાણ હોવાનો દાવો કરી ગેરકાયદે રીતે રિવોલ્વર લાયસન્સ મેળવ્યું હોવાનું કહે છે તેમજ ખંડણી અને સોપારી જેવા ગેરકાયદે ધંધા નિર્ભયપણે ચલાવતો હોવાનો આરોપ છે. પૈસા પરત માંગતા આક્ષેપિતોએ પોલીસ અધિકારીઓને રકમ આપી હોવાનો દાવો કરી “પાંચ કરોડ રૂપિયા ભૂલી જા” કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત, ઈટના ભઠ્ઠા પર જીવતો સળગાવી દેવાની ધમકી અને જાહેર સ્થળોએ ગાળો-ગાળી કરવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

આ સમગ્ર મામલે અરજદારે જવાબદારો વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને ધમકી સહિતના ગંભીર ગુનાઓ હેઠળ એફઆઈઆર નોંધવા તેમજ કડક કાયદેસર કાર્યવાહી કરવાની માંગ કરી છે. હાલ આ અરજી બાદ પોલીસ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે તે બાબતે શહેરભરમાં ચર્ચા ચાલી રહી છે.

# વલસાડમાં ગુજરાતનો બેટ્સમેન માનસ દવે ડબલ સદી ચૂક્યો

**અંડર** 19 કૂચ બિહાર ટ્રોફી મેચમાં 184 રને આઉટ, ગુજરાતના પ્રથમ દાવમાં 451 રન

**કર્ણાટકે** પ્રથમ દાવમાં 3 વિકેટ ગુમાવી 160 રન બનાવ્યા



વલસાડ : વલસાડના સરદાર પટેલ સ્ટેડિયમમાં રમાઈ રહેલી ગુજરાત અને કર્ણાટક વચ્ચેની અંડર 19 કૂચ બિહાર ટ્રોફી ઈલાઈટ મેચના બીજા દિવસે મેચ બંધ રહી ત્યાં સુધીમાં 60 ઓવરમાં કર્ણાટકે 3 વિકેટ ગુમાવી 160 રન બનાવ્યા હતાં. કર્ણાટક હજુ 291 રન પાછળ છે. કર્ણાટક બેટ્સમેન ધ્રુવ કિશને 82, આદેશ 39 રન, મનીકાન્ત 5 રન બનાવ્યા હતાં. અન્વય દ્રવિડ 9 અને વરુણ પટેલ 11 રન સાથે રમતમાં છે. લંચ અગાઉ ગુજરાતનો પ્રથમ દાવ 451 રને પૂર્ણ થયો હતો. ગુજરાત તરફે સૌથી વધુ 184 રન માનસ દવેએ બનાવ્યા હતાં. તેણે 28 ચોગ્ગા અને 2 તોતિંગ છગ્ગા ફટકાર્યા હતાં. તે ડબલ સેંચુરી બનાવવાથી ચૂક્યો હતો. તેને વૈભવ શર્માએ એલ.બી.ડબલ્યુ કર્યો હતો. જ્યારે મલઈ શાહે 78, મૂળરાજ સિંહે 41, કાવ્ય પટેલે 43 રન બનાવ્યા હતાં. જ્યારે કર્ણાટક તરફે સૌથી વધુ 4 વિકેટ રથન બી.આર.એ. લીધી હતી. ગુજરાતના બોલર રુદ્ર પટેલે 2, મીત પટેલે 1 વિકેટ મેળવી હતી.

ગ્લોબલ વોર્મિંગ | શિયાળાની ઋતુમાં જલાલપોરનો દરિયા કિનારો વિદેશી યાયાવર પક્ષીઓથી ગુંજતો હતો, ત્યાં હવે પક્ષીઓ નજરે પડતા નથી

# દરિયા કિનારે યાયાવર પક્ષીઓની સંખ્યા ઘટી

**ગ્લોબલ** વોર્મિંગ અને વધતી માનવ પ્રવૃત્તિથી કિનારાની પર્યાવરણીય સમતુલા ખોરવાઈ

નવસારી : નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના દરિયા કિનારે યાયાવર પક્ષીઓની સંખ્યા છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર રીતે ઘટતી જોવા મળી રહી છે. ખાસ કરીને સુલતાનપુર, નાની કકરાડ, મોટી કકરાડ તેમજ ઐતિહાસિક દાંડી વિસ્તારનો દરિયા કિનારો, જે એક સમય શિયાળાની ઋતુમાં વિદેશી યાયાવર પક્ષીઓથી ગુંજતો હતો, ત્યાં હવે અપેક્ષિત સંખ્યામાં પક્ષીઓ નજરે પડતા નથી.



પર્યાવરણ નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ સ્થિતિ માટે ગ્લોબલ વોર્મિંગ મહત્વપૂર્ણ કારણ બની રહ્યું છે. વૈશ્વિક તાપમાનમાં સતત વધારાને કારણે દરિયાના પાણીનું સ્તર ઊંચું આવી રહ્યું છે, આ વિસ્તારો યાયાવર પક્ષીઓ માટે ખોરાક અને આરામ માટે અનિવાર્ય ગણાય છે. હવામાનના અણધાર્યા ફેરફારથી પક્ષીઓના સ્થળાંતરનો સમય અને માર્ગ બંનેમાં બદલાવ આવી રહ્યો છે.

આ સાથે સ્થાનિક સ્તરે અનિયંત્રિત પ્રવાસન, રેત ખનન, પ્લાસ્ટિક પ્રદૂષણ, દરિયા કિનારે વાહનોની અવરજવર અને રાત્રિના તેજ પ્રકાશ જેવી માનવીય પ્રવૃત્તિઓ પણ પક્ષીઓના કુદરતી નિવાસસ્થાનને નુકસાન પહોંચાડી રહી છે.